વર્ષ - ૫૧
ઓગષ્ટ-૧૪
અંક : ૧

કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂ. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# સહેલું નથી...

એકલા ઓગળવું સહેલું નથી
મીણ જેવું બળવું સહેલું નથી !

ધાર, તો ઈશ્વર પણ મળી જાય છે.
જાત સાથે મળવું સહેલું નથી !

માટીમાં તો સૌ કોઈ જાતું ભળી,
ઊગી ને નીકળવું સહેલું નથી !

હા, હૃદયને બે-પળ તમે છેતરો,
જિંદગીભર છળવું સહેલું નથી !

ક્ષણમાં રાજા ક્ષણમાં બને રંક એ,
આપણું મન કળવું સહેલું નથી !

– હાર્દિક દિવાકરભાઈ વોરા, રાજકોટ
ફોન : ૨૫૭૮૩૨૨

# ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini

**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Cruise tours :**
STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a

**Booking of International destinations :**
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI

**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**


# મંગલ મેરેજ બ્યુરો

**સંચાલક : મમતાબેન ઢેબર** Mail ID : mamtadhebar@yahoo.in

**આપના સંતાનો માટે શ્રેષ્ઠ જીવનસાથી મેળવવા અમારો સંપર્ક કરો મો. ૦૯૦૬૬૦૯૩૩૨૧ સમય બપોરે ૧૨થી સાંજના ૭ (શનિ/રવિ રજા)**

**ઉચ્ચ ડીગ્રી ધરાવતા સમસ્ત નાગર યુવકોની યાદી :**

**એન્જી. :** (૧) નવે. ૮૬ (આઈસી) કલોલ (૨) ડીસે. ૮૬(ઇસી) અ'વાદ (૩) નવે. ૮૭ (સીવીલ) અ'વાદ (૪) ઓકટો. ૮૭ (ઈસી) કોઈમ્બતુર (૫) સપ્ટે. ૮૮ (પ્રોડકશન) અ'વાદ (૬) ઓકટો. ૮૭

**એમ.બી.એ. :** (૧) સપ્ટે. ૮૩ –અ'વાદ(૨) ફેબ્રુ. ૮૪ –મુંબઈ (૩) સપ્ટે. ૮૫–દિલ્હી (૪) જૂન ૮૮ ગાંધીનગર

એનઆરઆઇ : ઓકટો. ૮૫–આઇટી. ઇન્ડીયા, એમએસ.(યુએસએ.) હાલ કેલીફોર્નીય)– ડીસેમ્બર માં આવે છે. **ડીવોર્સી :** સપ્ટે. ૭૩, બી.કોમ., સમૃધ્ધ બીઝનેશમેન, નાનું કુટુંબ ને સામાન્ય કન્યા જોઈએ છે.

**છેલ્લું પાનું વાંચી જવા અને ઓનલાઈન મેઈલીંગ પ્રોગ્રામ બાબત :**

બરછી ન મળવાની ફરીયાદ સતત મળતી રહે છે, રંજ છે પરંતુ ટપાલ ટીકીટ ના રૂા. ૪ થતાં બીજો અંક મોકલવો પોસાય તેમ નથી તેથી કોઈ નિરાકરણ લાવવાના ઉદેશથી આ અંકના છેલ્લા પાને ટપાલ ખાતાને જાહેર ફરીયાદપત્ર પાઠવેલ છે જેમાં આપનો પણ સહયોગ જરૂરી છે. જો આપને બરછી ન મળવાની ફરીયાદ હોય તો આ પત્ર કે ટપાલીને ઉદેશી બેત્રણ લીટીઓ લખી છે તે ટપાલીને ખાસ વંચાવશો અને સરનામાના સ્ટીકર સાથેની એક ઝેરોક્ષ નકલ તેને આપી અથવા/તેમજ આપના વિસ્તારની પી.ઓ.માં પહોંચાડવાની તકલીફ લેશો. પોસ્ટ ખાતામાં નોકરી કરતા બંધુઓ છેલ્લું પાનું વાંચી કયાં કોને ફરિયાદ કરવી વગેરે માર્ગદર્શન આપવા વિનંતી..આજે દરેકનો પ્રશ્ન છે જેનો ઉકેલ જરૂરી છે જેને આપણા સંયુકત પ્રયાસથી વેગ મળશે. અમદાવાદના ગ્રાહકોને જૂલાઈનો અંક ન મળવાના કારણે અને નવા ગ્રાહકોના લાભાર્થે આ અંકમાં જૂલાઈની લ. વિ. જાહેરાત ફરીથી પ્રકાશિત કરેલ છે તેથી અને લવાજમ ભરવાની યાદી તેમાં આપી હોવાથી યાદી રૂપે આ પહેલો અંક અમદાવાદના દરેક ગ્રા.ને મોકલી રહયા છીએ. એડ્રેસ સ્ટીકર ઉપરRenewed upto July 7/2014 હોય તો આપનું લવાજમ BOB એકા. નં. ૧૫૦૧૦૨૦૦૦૦૦૧૧૦ મારફત કે મ.ઓ.થી તુરત મોકલી આપશો. સપ્ટેમ્બરનો અંક લવાજમ નવા વર્ષના રીન્યુ થયેલ ગ્રાહકોને જ મોકલવામાં આવશે.(૨) અમારી વિશ્વસનીયતા જાળવવા હવે બરછીના ગ્રાહકો પોતાનું સરનામુ ૧૫/૯થી www.barchhi.com ઉપર જોઈ શકશે, પોતેજ ઓનલાઈન બદલી કે સુધારા કરી શકશે. સરનામુ ફોન/મો.વગેરે update કરી લેવા વિ. આપને જ લાભકારક નીવડશે.વિસ્તૃત માહિતી સાઇટના હોમપેજ ઉપરથી મળશે.નામ ન હોય કે રીન્યુ ન બતાવે તો કાર્યાલય જાણ કરશો. જે અહીંથી જ કરી શકાશે. –તંત્રી

# શ્રી દીપક મહેતા – ગુજરાતી સાહિત્યકાર મહારાષ્ટ્રમાં સન્માનિત થયા



તાજેતરમાં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સાહિત્ય માટેના સર્વોચ્ચ કવિ નર્મદ પારિતોષીક અને જીવન ગૌરવ પારિતોષીક માટે મુંબઈના સાહિત્યકાર, કટાર લેખક શ્રી દીપક મહેતા (ભાવનગરના સ્વ. ભૂપતરાય ઈચ્છાશંકર મહેતા તથા સ્વ. વિદ્યાબેનના પુત્ર)ની પસંદગી કરવા માં આવી છે. તા. ૨૪ ઓગષ્ટ ના રોજ રવિન્દ્ર નાટય મંદિર પ્રભાદેવી ખાતે શ્રી અને સરસ્વતિના ઉપાસકો –મહારાષ્ટ્રના નેતાઓ અને સાહિત્યકારો–ના હસ્તે આ સાહિત્યના આરાધકનું આ રીતે બહુમાન કરવામાં આવશે. એવોર્ડને સન્માનિત કરતા શ્રી દીપક મહેતાની કારકિર્દીની ઝલક પામવા જેવી છે.

મુંબઈ ખાતે ૧૯૩૯ માં જન્મેલ શ્રી દીપક મહેતા ૧૯૬૩ ની સાલમાં મુંબઈ યુનિવર્સિટી માંથી એમ.એ. વીથ ગુજરાતી–સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ગુજરાતીમાં સૌથી વધુ માર્ક મેળવવા બદલ યુનિવર્સિટી તરફથી બળવંતરાય ક. ઠાકોર સુવર્ણ ચંદ્રક એનાયત થયો. ૧૯૬૩ માંજ કે.જે. સોમૈયા કોલેજ મુંબઈ ખાતે ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૭૪ થી ૧૯૭૬ પરિચય ટ્રસ્ટના સહાયક સંપાદક રહયા. ૭૬ થી ૮૬ યુ.એસ. લાયબ્રેરી ઓફ કોંગ્રેસ દીલ્હી ખાતે ગુજરાતી અને મરાઠી ભાષા–સાહિત્યના વિશેષજ્ઞ તરીકે સેવારત રહયા. ૮૬ થી ૯૯ મુંબઈ ખાતે અમેરીકન સરકારની માહિતી કચેરી (યુ.એસ.આઈ.એસ.) માં સાંસ્કૃતિક બાબતોના વિશેષજ્ઞ તરીકે સેવા આપી. અને ૧૯૯૯ માં સેવા નિવૃત થયા. હાલમાં પણ તેઓ અનેક સાહિત્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સાહિત્યના આ દીપકની પ્રકાશન જયોત સાહિત્ય જગતમાં સતત રેલાતી–ફેલાતી રહી છે.... ઈ.સ. ૨૦૦૦ થી ૧૨ સુધી મુંબઈ સમાચારમાં 'વર્ડનેટ'નું લેખન સંપાદન, ૨૦૧૩ થી આજ તર્યન્ત સુરતના 'ગુજરાત મિત્ર'માં અક્ષરની આરાધના, ગ્રંથયાત્રા, કોલમોનું લેખન, કેટલાય અગ્રણી સામાયિકોમાં લેખો, સમીક્ષા,અનુવાદ કર્યા તેમજ અસંખ્ય પુસ્તકોના વિવેચન–સંશોધન, સંપાદન કર્યા. મૂર્ધન્ય સાહિત્યકારો કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ, મુનશીની નવલત્રયી, ચં.ચી. મહેતા, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, ગુલાબદાસ બ્રોકર, મનસુખલાલ ઝવેરી, જગતની શ્રેષ્ઠ નવલકથાઓ, પાંચ દાયકાનો સાહિત્ય વિકાસ, ગુજરાતીમાં પુસ્તક–પ્રકાશન, ભારતની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, પ્રથમ અખબાર મુંબઈ સમાચાર જેવી અનેક પરિચય પુસ્તિકાઓનું લેખન કર્યુ. માહિમની ખાડી (૧૯૮૦), હરીનારાયણ આપ્ટે(૧૯૮૬), એક ક્રાન્તિવીરની આત્મકથા(૨૦૧૦)નું મરાઠી માંથી ભાષાંતર કર્યુ. શ્રી દીપક મહેતાને બૃહદ ગુજરાતી સમાજ દ્વારા ૨૦૦૫મા 'ગિરનાર એવોર્ડ' તથા ૨૦૧૨ માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'રમણલાલ જોશી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવેલ.

આજના યાંત્રિક યુગમાં સાહિત્ય સર્જન જીવંત રાખી, ગુજરાતી અને આપણી જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર સમાજ સુધારક સમાન સાહિત્યકાર શ્રી દીપક મહેતાને ધન્યતા સાથે અભિનંદન પાઠવીએ.

## કુ. ઘટના વ્હોરા – એમ.સી.એ.



ભાવનગરના શ્રી સુભાષ વ્હોરા તથા શ્રીમતિ પન્ના વ્હોરાના પુત્રી કુ. ઘટના વ્હોરાએ તાજેતરમાં એપ્રિલ ૨૦૧૪ માં એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ (એસ.કે.પટેલ) ગાંધીનગર કડી યુનિવર્સિટી ખાતેથી ૭૨.૬૦ % માર્કસ સાથે એમ.સી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. હાલમાં તેણી યુજીસીનેટ અને પી.એચડી. ની તૈયારી કરી રહયાં છે.

## વંદિત અંજારીયા - એમ. ઈ.



રાજકોટ સ્થિત શ્રીમતી સ્મિતા પિનાકીનભાઈ અંજારીયાના પુત્ર વંદિત અંજારીયા મારવાડી કોલેજ રાજકોટથી મે-૨૦૧૪ માં લેવાયેલ એમ.ઈ. (ઈસી) માં ૯.૫ એસપીએલ સાથે ઉતીર્ણ થયા બાદ તાજેતરમાં વડોદરા ખાતે પારૂલ ગૃપ ઓફ ઈન્સ્ટીટયુટમાં પ્રોફેસર તથા ફોરેન સ્ટુડન્ટસ કો. ઓર્ડીનેટર તરીકે જોડાયા. ચિ. વંદિત ભુજના ભાનુમતિબેન શશીકાંતભાઈ અંજારીયાના પૌત્ર અને અન્નપૂર્ણાબેન ચંપકભાઈ બુચના દોહિત્ર થાય.

## મર્ચન્ટ નેવીમાં જોડાતા ધૈવત મહેતા



ભાવનગરના ધૈવત શાલીન મહેતા(મધુકર મહેતા તથા ધૃતિ(હરકાંતભાઈ દેસાઈનાં પુત્રી)ના પુત્ર તા ૬ જુલાઈના રોજ મર્ચન્ટ નેવી(માલવાહક જહાજ) પર ઈલેકટ્રીકલ ઓફીસર તરીકે નોકરીની તાલીમમાં જોડાવા મુંબઈથી પેરીસ જવા રવાના થયા. ધૈવત મહેતા પૂના યુનિવર્સિટી થી બી.ઈ. (ઈસી) ની પદવી મેળવ્યા બાદ મર્ચન્ટ નેવી માટેનો પાંચ માસનો કોઈમ્બતુરથી કોર્ષ કર્યો. પૂણે યુનિ. ના અભ્યાસ દરમ્યાન એનસીસી-સી-સર્ટીફીકેટ કર્યુ. અને તેમાં મહારાષ્ટ્રમાં 'બેસ્ટ કેડેટ' બન્યા. તે જ વર્ષે મહારાષ્ટ્ર એનસીસી વતી ધૈવતને નવી દિલ્હી ખાતે રીપબ્લીક ડે કેમ્પમાં ભાગ લેવાની તક મળી. અને મહારાષ્ટ્ર યુનિટને પ્રાઈમમિનિસ્ટર એવોર્ડ મળતાં વડાપ્રધાનના હસ્તે તે સ્વીકારવાનું તેમને સદ્ભાગ્ય સાંપડયું. એનસીસી ના ઈન્ટરનેશનલ યુથ એકસચેન્જ પ્રોગ્રામમાં સીંગાપોર કેમ્પમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા સીંગાપોર જઈ આવ્યા. ત્યાં પણ વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. કોઈમ્બતુરની કોલેજમાં પણ કોલેજના કેડેટ કેપ્ટન તરીકે નિમાયેલ. આગે બઢો...સેલ્યુટ.

## પ્રતીક ધોળકિયા - એમ.એસ.સી

રાજકોટના શ્રીમતી ગીતા બંકિમભાઈ ધોળકિયાના પુત્રપ્રતીક ધોળકિયા એમ.એસ.સી. કેમેસ્ટ્રીમાં ૭૪% સાથે ઉતીર્ણ થઈ કેમ્પસમાંથી પસંદગી પામી અમદાવાદ સ્થિત ''કલેરીસ કંપની'માં કયુ.સી. અધિકારી તરીકે જોડાયા. ચિ. પ્રતીક રાજકોટના સ્વ. રસીલાબેન ગુણવંતરાય(બાબુજીભાઈ) ધોળકિયા ના પૌત્ર તથા જામનગરના શ્રીમતી પ્રવિણાબેન બીપિનભાઈ હાથીના દોહિત્ર થાય.

## શ્રીમતી જ્યોતિ નીલેષ ઢેબર 'TAT' માં ઉત્તીર્ણ



ગાંધીધામ સ્થિત શ્રીમતી જ્યોતિ નીલેષ ઢેબર તાજેતરમાં લેવાયેલ ''TAT'' (ઉચ્ચતર મા.શિક્ષણ માટે ફરજિયાત) ની પરીક્ષામાં સફળતા મેળવી. તેઓ બી.કોમ., બી.એડ., એમબીએ. ની પદવી ધરાવે છે અને હાલ ગાંધીધામ ખાતે માધ્યમિક શાળામાં કાર્યરત છે. શ્રીમતી જયોતિ ઢેબર અમદાવાદ સ્થિત પ્રા. ડો. યોગેશભાઈ તથા વીણાબેન હાથીના પુત્રી તથા રાજકોટના સ્વ. પ્રહલાદભાઈ ઢેબરનાં પુત્રવધૂ થાય.

બેન જ્યોતિ સાંસારીક ફરજ અને નોકરી સાથે આજે પણ અભ્યાસની ધગશ ધરાવે છે જે પ્રેરક અને ધન્યવાદને પાત્ર છે. પ્રા. યોગેશભાઈ હાથી અંગ્રેજી વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક છે તેઓ લિખીત ''ટોફેલ'' તથા અન્ય યુવાલક્ષી માગદર્શક કોલમ બરછીમાં અગાઉ પ્રકાશિત થઈ ચૂકી છે.

# શ્રી જયંતભાઈ  ધોળકિયા ૫૭ વર્ષની સન્નિષ્ઠ ફરજ બજાવી નિવૃત્ત થયા



જયંતભાઈ હરપ્રસાદ ધોળકિયાએ રાજકોટની ૧૯૫૩માં શરૂ થયેલ રાજકોટ નાગરિક બેંક પટણી બિલ્ડીંગમાં બે નાના રૂમમાં શરૂ થયેલ જ્યાંથી નોકરીની શરૂઆત કરી, આજે દેશભરમાં ફેલાયેલ કદાવર એવી રાજકોટ નાગરિક સહકારી બેંક લી. માંથી ૫૭ વર્ષ ખંત, નિષ્ઠાપૂર્ણ, સ્વમાનભેર વટથી ફરજ બજાવી  સેવા નિવૃત થનાર આ નાગરિક બેંકના બીજ થી આજના વિશાળ વટવૃક્ષના તેઓ સાક્ષી છે.અનેક ચડતી પડતી, અનુભવના એરણથી ઘડાયેલા ખંતીલા જયંતભાઈનું  જીવન દ્રષ્ટાંતરૂપ  છે. વાંચીએ....

રાજકોટના સ્વ. હરપ્રસાદ ધોળકિયા અને રમણબાળાબેનનાં પાંચ સંતાનોમાંના એક તે જયંતભાઈ ધોળકિયા. શ્રી હરપ્રસાદભાઈ ધોળકિયા પી. ડબલ્યુડી કચેરીમાં હેડ કલાર્ક, ત્યારબાદ સેક્રેટરીએટમાં હોમ ડીપાર્ટમેન્ટમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવી. પ્રમાણિકતા અને નિષ્ઠા સાથે ફરજ બજાવતા હરભાઈની તબિયત એકાએક બગડતા ૧૯૫૬ માં રાજીનામું આપવું પડયું. આર્થિક સ્થિતિ વિકટ હોતાં સુધારા પછી એક વર્ષ માલવીયા કોમર્સ કોલેજમાં નોકરી કરી.  પાંચ ભાઈઓ અને બે બહેનોની જવાબદારી જયંતભાઈ અને મોટાભાઈ નલીનભાઈના શીરે આવી. નલીનભાઈ એસ.એસ.સી.ના અભ્યાસ બાદ નોકરીમાં જોડાયા. નાગરિક બેંકના આદ્ય સ્થાપક સ્વ. શ્રી જન્મશંકરભાઈ  અંતાણીએ જયંતભાઈને માસીક રૂા ૬૦/ ના પગારથી નોકરી અપાવી. તા. ૨૩-૧-૫૭ ના રોજ માત્ર ૧૭ વર્ષની વયે નોકરીમાં જોડાયા.  પિતાશ્રીને કેન્સર જાહેર થતા ટાટા હોસ્પિટલમાં દાખલ કર્યા. એક ટાઈમ ભોજન કરી બચાવેલા પૈસા માંથી માતા પિતાને મુંબઈ લઈ ગયા પરંતુ ઓગષ્ટ ૧૯૫૮માં પિતાશ્રીનું અવસાન થયું, ત્યારે માતુશ્રીની ઉંમર ૩૮ વર્ષની હતી. આમ પરિવાર ઉપર મુશ્કેલીનું જાણે કે આભ ફાટી પડયું, છતાં હિંમત હાર્યા વગર ૧૯૫૯માં નોકરી સાથે જયંતભાઈએ ફરી અભ્યાસ શરૂ કર્યો. આર્ટસ ગ્રેજયુએટ થયા. કલાર્કથી જોડાયેલા જયંતભાઈ બઢતી મેળવી સુપર વાઈઝર, ઓફીસર થી મેનેજર કક્ષાએ પહોંચ્યા. તેઓએ રીકવરી મેનેજર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી. આર.એસ. એસ.વાદી અને ફરજનિષ્ઠ એટલે કઠોર ખરા તેથી લોન ભરણા ન ચૂકવનાર ચમરબંધી પાસેથી કડક ઉઘરાણી કરી જાણે અને સામાન્ય માણસની તકલીફને સમજી શકે તેથી હપ્તા વ. ની સગવડ કરાવી રાહત પણ આપે. બેંકમાં ઘણાને નોકરીમાં રખાવ્યા, લોન અપાવી.

અણિશુધ્ધ પ્રમાણિક  તેથી ડીરેકટરો અરવિંદભાઈ મણિયાર, પ્રવીણભાઈ મણિયાર, ચીમનભાઈ શુકલના વિશ્વાસુ અને માનીતા તેથી કુટુંબીજનોના, પોતાના મકાન માટે લોન મંજુર કરાવી મકાનો કરાવ્યાં. આવી દબદબાવાળી નોકરીમાંથી ૨૦૦૦ની સાલમાં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. પરંતુ પ્રશસ્ય કામગીરી થકી 'એકસટેન્શન' મળતું ગયુ અને ૧૪ વર્ષ ચીફ મેનેજર તરીકે ફરી નોકરી કરી તા. ૧૫-૪-૨૦૧૪ ના રોજ પૂર્ણ સેવા નિવૃત થયા. અમુક સમય નાગરિક બેંકમાં આજે પણ હાજરી ખરી. હા, અત્રે ઉલ્લેખનીય છે કે રૈયા રોડ કમિટિ મેમ્બર, અપના બજારમાં ડિરેકટર તથા વિજયા બેંકના ડેલીગેટ તરીકે તો આજે પણ કાર્યરત છે.

તેઓ નોંધે છે કે શ્રી જન્મશંકરભાઈ અંતાણી, ચંદુભાઈ બુચ, બહાદુરભાઈ વકીલનું ઋણ કયારેય ચૂકવાશે નહીં તેમજ સ્વવિકાસ માટે મહત્વની આર.એસ.એસ.ની કઠોર તાલીમ અને હાટકેશ વ્યાયામ સંઘના મુ. શાંતિભાઈ, હર્ષવંતભાઈ, મનહરભાઈના સંસ્કાર અને ઘડતરમાં તેઓનું યોગદાન ભૂલાશે નહીં.  આ બધા થકી જ સુખ શાંતિ,  ઝઝુમવાની તાકાત અને જીવનના ધ્યેય મળ્યાં છે.

મુ. જયંતભાઈને અભિવંદન.  શેષ જીવન સુખમય, આરોગ્યમય પસાર થાય તેવી હાટકેશને પ્રાર્થના.

# શિવાંગની અચાનક એકઝીટ – ઝિંદાદીલ ઈન્સાન–યુવા કલાકાર ગુમાવ્યો




જૂનાગઢના જાણીતા કલાકારો શ્રી ધર્મેશ, હેમલ, શીતલ –નાણાવટી બ્રધર્સ–માંના શ્રી ધર્મેશ અને સૌ. રક્ષા નાણાવટીના એકના એક ધર્મેશ નાણાવટીના એકના એક વ્હાલસોયા યુવાપુત્ર શિવાંગનું તા. ૩૧/૭ના રોજ અમદાવાદ એનીમેશનનો કોર્ષ શરૂ કરવા જતાં જ માર્ગ અકસ્માતમાં નિધન થતાં કુટુંબે કૂળદીપક ગુમાવ્યો તો જ્ઞાતિ અને સમાજે હોનહાર રીધમીસ્ટ–સંગીત અને કલા નો વારસદાર ખોયો.

શિવાંગ સ્વ. શ્રી પ્રવિણભાઈ અને તરૂબેન નાણાવટીના પૌત્ર અને રાજકોટના શ્રી ભરતભાઈ અને ઈલાબેન મહેતાના દોહિત્ર થાય.

ટકેતભાઈથી ઓળખાતા પ્રવિણભાઈ પણ સૂરીલા કંઠના માલિક હતા, ભકિત રૂપે ભજનો ગાય. સાત્વિક જીવન, સરળ સ્વભાવના...તો ભરતભાઈ આજ પર્યન્ત સાયકલ સવારી દ્વારા ઘણી લાંબી યાદી થાય તેટલી અનેક પ્રકારની નિઃસ્વાર્થ સેવામાં રત રહે..તેમને મન કર્મ અને સેવા એજ ભકિત. પરદુઃખ ભંજક...મામા સતિષ મહેતા પણ કોઈને પણ જરૂરીયાત સમયે ખડે પગે ઉભનારો સેવાભાવી જીવ. બંને કુટુંબોને સાંઈબાબામાં અપાર શ્રધ્ધા. નાણાવટીબંધુ સંગીતના બાદશાહ. ધર્મેશભાઈ સાંઈબાબા, શિવ કે માતાજીના ભજન શરૂ કરે અને તેમાં લીન થઈ જાય, શ્રોતાઓના રોમેરોમ ખડાં થઈ જાય. આમ તેઓ પણ આરાધક. આવાં બંને કૂળના ભકિત,સેવા અને કર્મના સમન્વયથી જાણે શિવાંગ અવતર્યો.. શિવાંગ નાનપણથી મંદિરે જાય સેવાપૂજા કરે, તો ધોરાજીની દરગાહમાં પણ શ્રધ્ધા ધરાવે. કુટુંબમાં સંગીતનું વાતાવરણ તેથી ગમે તે વાજિંત્ર વગાડી જાણે. કિશોરાવસ્થામાં રીધમમાં આગળ વધ્યો,તબલાં અને આધુનિક વાદ્ય ઓકટોપેડ ઉપરની નિપૂણતા સાંભળવા સાથે એટલાં જ દર્શનીય બની રહેતાં. ઝિંદાદીલ અને દિલાવર એટલે, કે પોતે મોજશોખનો શોખીન, જમાના પ્રમાણે 'અપટુડેટ અને અપડેટ' રહે, પણ સાથે સાથે વડીલોના મળેલ સંસ્કાર પ્રમાણે ઘણા લોકોને ગુપ્ત રીતે જરૂરીયાતમંદોને મદદ કર્યાનું, તેના નામથી મિત્રોને મુશ્કેલીમાંથી પણ ઉગાર્યા જેવી બાબતો આમજનો અને વિશાળ મિત્રવર્તુળ દ્વારા તેની વિદાય પછી જાણવા મળી. તો અંતિમયાત્રા અને પ્રાર્થનાસભામાં વિરાટ સંખ્યામાં ઉપસ્થિત સામાજિક રાજકીય આગેવાનો અને જ્ઞાતિજનોની આંખમાં વહેતી અશ્રુધારા તેના આંતરિક વ્યકિતત્વ અને નાની વયે મેળવેલી સુવાસના સાક્ષી બની રહયા. તેમજ તા.૧/૮ના રોજ ગુજરાતના ૬ જાણીતા કલાકારો બાબુભાઈ રાણપરા, રામજીભાઈ વાણીયા,નાનકભાઈ ઝવેરચંદ મેઘાણી, વિરલ અરવિંદ બારોટ, કિરીટ વ્યાસ અને શિવાંગને રાજયના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ગાંધીનગર ટાઉનહોલમાં ભાવાંજલિના કાર્યક્રમ દ્વારા મળેલ અંતિમમાન શિવાંગની કલાકાર તરીકેની પ્રતિભા અને ખ્યાતિનો પરિચય કરાવી ગયા.

અંતમાં પણ મુખ્ય તરીકે નોંધ લેવી ઘટે કે પરિવારજનો દ્વારા કઠીન નિર્ણય લઈ શિવાંગની બંને આંખ, કીડની, અને લીવર હૃદય જેવા મુખ્ય અંગોનું જરૂરીયાતમંદોને મહામૂલ્ય દાન કરી છ વ્યકિતઓને નવજીવન બક્ષવાનું પૂણ્યકાર્ય કરી પરોક્ષ રીતે શિવાંગની સ્મૃતિ જાળવી છે. –સલામ 'શિવલા'

તા. ૨૮/૭ રાત્રે ૧ : ૨૫ વાગે 'વોટસએપ' ઉપર શિવાંગ પોતાના હાથે લખી ગયો :

ચલે જાયેંગે તુજે તેરે હાલ પર છોડકર,<br>
કદર કયા હોતી હૈ તુજે વક્ત હી બતાયેગા...

## ગર્વિત હાથી એમ.ફાર્મ થયા



ગર્વિત હાથી (રાજકોટ સ્થિત શ્રીમતી મીના દિનેશ હાથીના પુત્ર) નાઈપર અમદાવાદથી એમ.ફાર્મની પદવી મેળવી તાજેતરમાં અમદાવાદ ખાતે ટ્રોયેકા ફાર્માસ્યુટીકલ એફ એન્ડ ડી. ઓફીસર તરીકે જોડાયા છે. ચિ. ગર્વિત સ્વ. સવિતાબેન ઈન્દ્રવદન મહારાજાના દોહિત્ર અને સ્વ. મૃદુલાબેન નરેન્દ્રરાય હાથીના પૌત્ર થાય.

## કુ. તનુશ્રી બુચ સી.એસ., એલએલ.બી. થયાં



જોધપુર સ્થિત શ્રી કિરણભાઈ હરપ્રસાદ બુચનાં પુત્રી કુ. તનુશ્રીએ સી.એસ.ની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરવાની સાથે જ 'જયનારાયણ વ્યાસ યુનિવર્સિટી (જોધપુર યુનિ.) દ્વારા લેવાયેલ એલએલ.બી. ફાઈનલની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં અને એલએલ.એમ.નો અભ્યાસ શરૂ કર્યો છે. તાજેતરમાં 'જોધપુર ચેપ્ટર ફોર કંપની સેક્રેટરીઝ' દ્વારા આયોજિત 'ફીફથ મેનેજમેન્ટ સ્કીલ ઓરિએન્ટેશન પ્રોગ્રામ'માં કુ. તનુશ્રીને 'બેસ્ટ પરફોર્મન્સ' બદલ શીલ્ડ એનાયત કરવામાં આવ્યો.

## કુ. નિશિતાબેન શુકલ પી.એચડી. થયાં



મૂળ ભાવનગરના અને હાલ સુરેન્દ્રનગરની એમ.પી.શાહ આર્ટસ અને સાયન્સ કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષા પ્રા. ડો. કુ. નિશિતાબેન શૈલેષભાઈ શુકલએ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી ડો. રશ્મીકાંતભાઈ પી. મહેતાના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત માધ્યમમાં રજૂ કરેલ શોધ નિબંધ 'કાલીદાસ ભવભૂતી વાગ્મયે નારીચિત્રણમ' માન્ય રાખી તેઓને પી.એચડી.ની પદવી એનાયત કરી છે.તેઓ ભુજના સ્વ. કિશોરચંદ્ર વી. શુકલનાં દોહિત્રી થાય.

## કુ. કોમલ વૈષ્ણવને લાયન્સનો બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ



રાજકોટનાં કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે લાયન્સ કલબ ઈન્ટરનેશનલ, ડીસ્ટ્રીકટ ૩૨૩-જે તરફથી ૨૦૧૩- ૨૦૧૪ નો 'બેસ્ટ પ્રેસીડન્ટ'નો એવોર્ડ મેળવ્યો. સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી એક માત્રને આ એવોર્ડ આપવામાં આવે છે જે આ વર્ષે બેન કોમલ વૈશ્નવે મેળવ્યો છે. ઉપરાંત વર્ષ દરમ્યાનની સરાહનીય કામગીરીના ફલસ્વરૂપે વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેઓ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છની તમામ લાયોનેસ કલબના લાયનેસ ચેરપર્સન તરીકે નિયુકિત પામ્યાં. ફરજ સાથે શોખ અને નિજાનંદ માટે આવી સામાજિક-જ્ઞાતિની ઈતર પ્રવૃત્તિઓમાં સમય ફાળવી સક્રીય રહેનાર કોમલબેનને અભિનંદન સાથે શુભેચ્છા.

## 'માતૃદેવો ભવ પિતૃદેવો ભવ'



જે ભૂમિ પર પારિવારીક પ્રેમ અને મમતાનાં બીજ રોપાયાં, જ્યાં પોતાના સંતાનોના માંગલિક પ્રસંગો ઉજવાયા એ જૂનાગઢની શ્રી અનંત ધર્માલયની સંસ્થામાં મા. સ્વ. અરૂણાબેન જોષીપુરા અને પિતાશ્રી સ્વ. વિનાયકરાય મણિરાય જોષીપુરાની સ્મૃતિમાં તેઓના સંતાનો લવંગિકા વૈશ્નવ, બકુલ કિકાણી, સૌ. પ્રેરણા દેસાઈ, સ્વ. કાશ્મિરા ધોળકિયા અને દેવર્ષિ જોષીપુરાએ સંપૂર્ણ સુવિધાયુકત એક એ.સી. સાથેનો ફર્નિષ્ડ રૂમ અષાઢ સુદ-૧૫ તા. ૧૨-૬-૧૪ના રોજ દીપ પ્રાગટય કરી ભજન અને ભોજનના આયોજન સાથે સંસ્થાને સમર્પિત કર્યો.

## સેવામૂર્તિ ડૉ. નીલકંઠભાઈ ધોળકિયાનો શતાયુ વર્ષમાં પ્રવેશ

ગંગાના મુખમાંથી જળનો ધોધ આગળ જતાં નાના ઝરણાં કે નદીઓ બને છે. તે માર્ગમાં આવતાં દરેકને તૃપ્ત કરી ટાઢક આપે છે, અને આશીર્વચન મેળવી પૂણ્ય પ્રાપ્ત કરે છે. આવી જ વાત મુંબઈના વૈદરાજ બાવાભાઈ અચળજી પરિવારના વારસ મુ. નીલકંઠભાઈ મણિશંકર ધોળકિયાની છે. જન્મ ૧૯ ઓગષ્ટ, ૧૯૧૫. મૂળ વતન જામનગર. કિશોરાવસ્થામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ–કોલેજ અને છેલ્લે જી. એસ. મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી ડોકટર થયા. મુંબઈમાં એમના નિવાસસ્થાન ચીખલ હાઉસ પ્રિન્સેસ સ્ટ્રીટમાં દાકતર તરીકેની અંગત પ્રેકટીસ શરૂ કરવાનું વિચાર્યું પણ ઘરમાં કાકા મોટા વૈદરાજ તેથી તક ન મળી. તે સમયના મોટાભાગના લોકો માંદગીના નિવારણ માટે વૈદરાજ પાસે આવતા. જેઓ દ્રષ્ટિહીન હોવા છતાં સચોટ સારવાર કરતા તેથી નીલકંઠભાઈએ મુંબઈમાં બીઈએસટી સંસ્થામાં મેડિકલ ઓફિસર તરીકે નિમણુંક લીધી અને વફાદારી સાથે લાંબો સમય સેવા આપી ત્યાંથી જ નિવૃત્ત થયા.ઉપરાંત માધવબાગ અને સાંતાક્રૂઝમાં બે ચેરિટેબલ દવાખાનામાં પણ લાંબો સમય સેવા આપી.

આ તો તેમના વ્યવસાયની વાત થઈ પરંતુ આ સાથે તેઓએ સમાજ અને જ્ઞાતિ માટે પણ ઘણું કામ કર્યું છે. જ્ઞાતિમાં ટ્રસ્ટી, પ્રમુખપદ, સેક્રેટરી પદ શોભાવી સંસ્થા માટે ભંડોળ એકત્ર કરવું, યોગ્ય વ્યકિતઓને મદદરૂપ થવું, યોગ્યતા મુજબ ઈનામો શિષ્યવૃત્તીઓ આપવાં, લાયકાત ધરાવનાર દરેકને તક આપવી વગેરે પરોપકારી કાર્યો થી આજે પણ આદરપાત્ર અને ઉજળા છે.

આ યશસ્વી કારકિર્દી માટેનો યશ એમનાં પત્ની મુદ્રિકાબેન તથા તેમના પુત્રો–પુત્રીઓને ફાળે પણ જાય છે. ટીચકાભાઈના હુલામણા નામે જાણીતા નીલકંઠભાઈ એટલે શાંત, સૌમ્ય, તટસ્થ સ્થિતપ્રજ્ઞ વ્યકિત. જેના કારણે જ આવી તંદુરસ્તી સાથે શતાયુમાં પ્રવેશ્યા છે.

એક કવિએ સાચું કહયું છે...'ધીરજની ગાંસડી માથે મૂકીને દુ:ખોને ઢાંકવાનું નામ શ્રદ્ધા' જે તેઓએ પોતાના જીવનમાં વળોટયું. આવા અનોખા અનેરા નીલકંઠભાઈને શતાબ્દિ વર્ષમાં પ્રવેશ પ્રસંગે શત્ શત્ પ્રણામ.

– મયૂર વોરા, મુંબઈ

## શ્રી પર્જન્યભાઈ અંતાણી દ્વારા બ્લડ બેંકને માતબર રકમનું અનુદાન

ભાવનગર સ્થાયી થયેલા શ્રી પર્જન્યભાઈ ભાનુશંકર અંતાણી દ્વારા સ્વ. ભાનુશંકર ઉમીયાશંકર અંતાણી, સ્વ. નિર્ગુણાબેન ભાનુશંકર અંતાણી તથા સ્વ. હરિશ્ચંદ્ર ભાનુશંકર અંતાણીના સ્મણર્થિ ભાવનગર ખાતેની બ્લડ બેંકમાં 'રેફ્રીજરેટ સેન્ટ્રીફયુઝ મશીન'(થેલેસેમીયા પીડીત દર્દીઓ માટે) તથા મકાનના પરિસર વિકાસ અર્થે રૂા. ૧૧,૧૧,૧૧૧/–(અગીયાર લાખ...) જેવી માતબર રકમનું અનુદાન આપી ઉમદા અને અનુકરણીય સત્કાર્ય કર્યું છે. ઈન્ડીયન મેડીકલ એસોશીએશન હોલમાં તા. ૨૦ જૂલાઈના રોજ લોકાયુકત શ્રી દિનેશભાઈ બુચના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં તેઓના હસ્તે બ્લડ બેંકના મેનેજીંગ ટ્રસ્ટી ડો. નીલુભાઈ વૈશ્નવને અનુદાનનો આ ચેક અર્પણ કરવામાં આવ્યો ત્યારે ઉપસ્થિત સૌએ શ્રી પર્જન્યભાઈનું તાળીઓના ગડગડાટ સાથે અભિવાદન કર્યું હતું.

# હાર્દિક અભિનંદન

## ડૉ. કુ. નિશિતા શુકલ એમ.એ.,પી.એચડી.

આપને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી મુ. વ. ડૉ. રશ્મીકાંતભાઈ પી. મહેતા
(ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત માધ્યમમાં
'કાલીદાસ ભવભૂતી વાગ્મયે નારીચિત્રણમ' વિષય પર પી.એચડી.ની પદવી
પ્રાપ્ત કરવા બદલ અંતરના આશીર્વાદ તથા અભિનંદન.

સ્વ. કિશોરચન્દ્ર વ્રજલાલ શુકલ (નાના)
ભાનુબેન કિશોરચન્દ્ર શુકલ (નાની)
શ્રીમતી દિપ્તી મહેશ શુકલ (મામી–મામા)
શ્રીમતી ભાર્ગવી સુનીલ શુકલ (મામી–મામા)

સ્વ. હર્ષવદનભાઈ જનાર્દનભાઈ શુકલ (દાદા)
સ્વ. પદ્માબેન હર્ષવદન શુકલ (દાદી)
શ્રીમતી દક્ષા શૈલેષભાઈ શુકલ (માતા–પિતા)
શ્રીમતી રોહિણી ચંદ્રેશભાઈ ત્રિવેદી (ફઈ–ફુવા)



શ્રીમતી યુગ્મા સર્વજ્ઞ શુકલ (ભાભી–ભાઈ)
શ્રીમતી કાવ્યા મૌલિક વોરા (બહેન–બનેવી)
શ્રીમતી લોપા મિલિન્દ શુકલ (બહેન–બનેવી)
શ્રીમતી વિરજા સંકેત આચાર્ય (બહેન–બનેવી)
શ્રી પીનાક મહેશ શુકલ (ભાઈ)
શ્રી મૃદવ સુનીલ શુકલ (ભાઈ)



મેઘવ – વત્સા – ધ્રુવી – બીલ્વા – વિદિશ

## શ્રીમતી મોના દીક્ષિત પી.એચ.ડી. થયાં



સુરત નિવાસી શ્રીમતી મોના સાગરભાઈ દીક્ષિત (ગવ.પોલીટેકનિકના નિવૃત્ત પ્રા. ભાસ્કરરાય રંજનરાય છાયાનાં પુત્રી) શારદાયતન અંગ્રેજી માધ્યમ સ્કૂલ ખાતે સેકન્ડરી વિભાગમાં મદદનીશ શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેઓએ એમ.ટી.બી. આર્ટસ કોલેજ સુરતના ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. રેખાબેન ટી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ "શ્રી હરીશ નાગ્રેચા અને શ્રી વીનેશ અંતાણીની વાર્તાઓમાં સ્ત્રી–પુરૂષ સંબંધનું નિરૂપણ" વિષય સંદર્ભે સંશોધન કરી મહાનિબંધ રજૂ કરતાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરી પી.એચડી. ની પદવી એનાયત કરી છે.

## કુ. ખંતિ રીંડાણી એસ.એસ.સી.માં ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ પ્રથમ



આ સમાચાર મોડા છપાયા કે મોડા મળ્યા તેમ નથી પરંતુ આજનું શિક્ષણતંત્ર કેટલું બેદરકાર, છબરડાને છાવરી માત્ર પોકળ પ્રચાર કરી, બાળકોને હતોત્સાહી કરનારૂં બની ગયું છે. આવા ઘણામાંના એક છબરડાનો ભોગ ચિ. ખંતિ બની પરંતુ તેણીના અને વાલીના આત્મ વિશ્વાસના ઉદાહરણરૂપ પણ આ સમાચારને સ્થાન આપવું પડે તેવા છે..વાત એમ છે કે તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ એસ.એસ.સી. ની પરીક્ષામાં રાજકોટના ચિ. ખંતિ નિશ્ચલ રીંડાણીના આત્મવિશ્વાસે સમાજશાસ્ત્રના પેપરનું 'રીચેકીંગ' કરાવ્યું તેમાં ૩૧ ગુણનો સુધારો થયો અને સમાજશાસ્ત્રમાં ૬૩ માંથી ૯૪ માર્ક થઈ ગયા આમ, ૯૬% અને ૯૯.૯૯ પી આર સાથે બોર્ડમાં સીધા પ્રથમ સ્થાને આવી જવલંત સફળતા મેળવી. તેણીએ ગણિતમાં ૧૦૦ અને સંસ્કૃતમાં ૯૯ ગુણ મેળવ્યા જ હતા. ખંતિએ વકતૃત્વ તેમજ અનેક ચિત્ર સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ પારિતોષીકો–પ્રમાણપત્રો મેળવ્યાં છે. 'અચ્છે દિન' બદલ ચિ. ખંતિના ખંત, ધીરજ અને આત્મવિશ્વાસને બિરદાવીને અભિનંદન પાઠવીએ...

## શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ–અમદાવાદ

શ્રી મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦–૭ ના રોજ "હાટકેશ કૃપા" –મંડળના નિવાસ સ્થાને મળી ગઈ. ૩૫ જેટલા હાજર સભ્યો દ્વારા શરૂઆતમાં આ વર્ષમાં અવસાન પામેલ જ્ઞાતિજનોને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. મંડળની કારોબારીના ભૂતપૂર્વ સભ્ય તથા મંડળની વિવિધ પ્રવૃતિમાં સક્રીય રીતે રસ લેનાર, સ્વ. અતુલભાઈ વસાવડાની સેવાની ખાસ નોંધ લેવામાં આવી. પ્રમુખશ્રી ડો. જયંતભાઈ વસાવડાના સ્વાગત પ્રવચન બાદ મંડળની વિવિધ પ્રવૃતિની ઝલક દર્શાવતો મંત્રી અહેવાલ, શ્રી અમીતભાઈ દેસાઈએ રજુ કર્યો. જે સર્વાનુમતે પસાર થયા બાદ કોષાધ્યક્ષ શ્રી કુલીનભાઈ વસાવડાએ ૨૦૧૪ માર્ચ માસ સુધીના ઓડીટેડ હિસાબ રજુ કર્યા. તેઓએ જણાવ્યું કે આ મંડળ માટે આનંદની વાત છે કે આપણે આપણું ભંડોળ એક કરોડ રૂપિયા ઉપર પહોંચાડી શકયા છીએ. ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વસાવડાએ જણાવ્યું કે મંડળની પ્રગતિ પાછળ કારોબારીના સર્વ સાથીઓનો પરિશ્રમ અને જ્ઞાતિજનોનો સહકાર પડેલો છે. સામાન્ય સભા બાદ કૈલાસ માનસરોવરની યાત્રાએથી પરત આવેલા, શ્રી ડો. જયંતભાઈ વસાવડા–શ્રીમતિ માધુરી વસાવડા ,શ્રી કુલીનભાઈ વસાવડા–શ્રીમતિ વર્ષા બહેન વસાવડા તથા શ્રી નીલકંઠભાઈ ધોળકિયાનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયા બાદ ડો. જયંતભાઈ વસાવડાએ આ યાત્રાનો સુંદર અહેવાલ આપ્યો. અંતમાંઆભાર દર્શન, અલ્પાહાર લઈ સૌ છુટા પડયા.

# ગોઘા ભાવનગર વ. નાગર જ્ઞાતિ તરફથી લોકાયુકત શ્રી બુચનું અભિવાદન





શ્રી ગોઘા-ભાવનગર વડનગરા નાગર જ્ઞાતિની તમામ સંસ્થાઓના ઉપક્રમે ભાવનગરની મુલાકાતે આવેલા લોકાયુકતશ્રી દિનેશભાઈ બુચનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ધર્મેન્દ્રભાઈએ પુષ્પગુચ્છ આપીને, શ્રી હરકાંતભાઈએ શાલ ઓઢાડીને તથા શ્રી દધીચિ મહેતાએ સ્મૃતિચિન્હ આપી દિનેશભાઈનું અભિવાદન કર્યું હતું.(જે અનુક્રમે તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે) બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ સન્માનને વધાવ્યું હતું.

## સુરત ખાતે અષાઢી બીજ સ્નેહમિલન યોજાયું




સુરત ખાતે સમસ્ત નાગર જ્ઞાતિ (દ.ગુ.)ના ઉપક્રમે તા. ૨૯/૬/૧૪ના રોજ સમસ્ત નાગર સમાજ સુરતના સ્નેહમિલન સમસ્ત ગુજરાત નાગર પરિષદના અધ્યક્ષશ્રી નરેશભાઈ રાજાના અધ્યક્ષ સ્થાને યોજાય ગયું. પ્રાર્થના બાદ શ્રી પાર્થ રસેન્દ્રકુમાર છાયાના તથા અન્ય મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટય કરવામાં આવ્યું હતું. બાદમાં મહાનુભાવોનો પરિચય, પ્રાસંગિક પ્રવચનો તેમજ મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટથી સન્માનવામાં આવ્યા હતા. અંતમાં સુરતી ખમણ,ઇદડાં અને પાટવડીનો સુરતી અલ્પાહાર લઈ સૌ છૂટા પડયા હતા.

સર્વશ્રી ભરતભાઈ-રેખાબેન પંડીત, જીજ્ઞેશભાઈ-પ્રીતિબેન જોષી, અતુલભાઈ-ચંદ્રકાન્તભાઈ ભટ્ટ, માધવીબેન મહેતાની જહેમત અને જ્ઞાતિજનોના સાથ સહકારથી કાર્યક્રમ સફળ બની રહયો હતો.

---

## અનંતના યાત્રીઓને શ્રધ્ધાંજલિ :

ભુજના ગં.સ્વ. ભ્રગુલતાબેન(બેબીબેન) રમેશભાઈ હાથી ૭૨ વર્ષ વડોદરા, ઈન્દુબાળાબેન વીરેન્દ્ર નાણાવટી – ૮૨ વર્ષ જુનાગઢ, મીનાબેન વિપુલભાઈ છાયા-૫૮ વર્ષ વડોદરા શ્રીમતી નેત્રાવતીબેન મધુસુદનભાઈ રીંડાણી – ૮૩ વર્ષ અમદાવાદ, અંજલીબેન વિનાયકભાઈ વસાવડા ૮૨ વર્ષ, યોગેશચંદ્ર શિવલાલભાઈ માંકડ – ૯૦ વર્ષ અમદાવાદ, હર્ષાબેન સુરેન્દ્રભાઈ છાયા – અમદાવાદ, શ્રીમતી ઈન્દિરાબેન નાથાલાલ વૈષ્ણવ – ૮૦ વર્ષ રાજકોટ, જગદીશભાઈ ધીરૂભાઈ ધારેખાન અમદાવાદ(મદ્રાસ ખાતે), શ્રીમતી અંજનાબેન (અદ્રીલતા) વિનાયકભાઈ વૈષ્ણવ – ગાંધીનગર, રાજેન્દ્રભાઈ જયવંતભાઈ માંકડ- ગાંધીનગર, સુધીરભાઈ ભરતભાઈ છાયા – ૬૭ વર્ષ – જામનગર, શ્રીમતી પૂજાબેન વિજયભાઈ વસાવડા – ૪૭ વર્ષ જુનાગઢ, ભુજના શ્રીમતી મંદાકીનીબેન યોગેન્દ્રભાઈ ઢેબર ૮૪ વર્ષ –કરમસદ, રક્ષિકાબેન રમાકાન્તભાઈ ધોળકિયા – ૫૯ વર્ષ ગાંધીધામ. મલ્લિકાબેન બકુલભાઈ માંકડ – જામનગર, ડો. કમલકાન્ત રતિરાય માંકડ-૬૩ વર્ષ મુંબઈ, રાજકોટનાં ગં. સ્વ. હંસાબેન વિનાયકરાય વછરાજાનીનું અમદાવાદ ખાતે અવસાન.

## : સગપણ સગાઈ :

❁ અંજાર સ્થિત સુરેશભાઈ ઝવેરીલાલ છાયાનાં પુત્રી ભૂમિકાનું સગપણ ભુજ સ્થિત અવિનાશભાઈ દિનમણીરાય વોરાના પુત્ર હર્ષિત સાથે. (માધ્યમ બરછી)

❁ અમરેલી સ્થત સૌ. દીનાબેન અનીલભાઈ ઝાલાના પુત્ર ગૌરાંગનું સગપણ વડોદરા સ્થિત સૌ. માલિનીબેન અક્ષયભાઈ મંકોડીના પુત્રી આજ્ઞા સાથે.

❁ સૌ. અર્ચનાબેન વિરાટભાઈ ઓઝાના પુત્ર આનંદનું સગપણ ગાંધીનગર સ્થિત સૌ. ઈલાબેન શશાંકભાઈ જોષીપુરાનાં પુત્રી શ્વેતા સાથે.

❁ રાજકોટના હીરેન જગદીશભાઈ હાથીનું સગપણ ભુજના લીપી કોટેશભાઈ અંતાણી સાથે.

❁ વડોદરા સ્થિત ડો. તૃપ્તિ તથા ડો. જતીનભાઈ ઝાલા ના પુત્ર ડો. દિગંતનું સગપણ વડોદરા સ્થિત જાગૃતિબેન તથા સ્નેહલભાઈ દેસાઈનાં પુત્રી ડો. સ્તુતિ સાથે.

## પરીક્ષાના પરિણામ :–

એમ. ફાર્મ. :

જીગર રોહીત વસાવડા – ડીસ્ટી. રાજકોટ

બીડીએસ. (બીજું વર્ષ):

કુ. નમ્રતા દેવાંશુ સ્વાદિયા ૭૪% મુંબઈ

એમ.બી.એ. :

યેશા ભરત માંકડ – જામનગર

એમ.સી.એ. – સેમે. ૨ :

કુ. કૈરવી દુર્ગેશ વૈશ્નવ ડીસ્ટીંગ્શન સાથે યુનિ.માં ૮મા સ્થાને–રાજકોટ.

ટી.વાય. બી.એસ.સી

કુ. ચાર્વી ભાગ્યેશ પંડયા– ૭૯% જામનગર

ધો. ૧૦ : તર્જની હેમાંગ વસાવડા ૭૪% જૂનાગઢ

ધો. ૧૨ : વિશ્વા ઉદય હાથી ૮૬% અમદાવાદ

રિધ્ધી ધીમંતભાઈ નાણાવટી પ્રથમ વર્ગ ભાવનગર

## જૂલાઈ–૧૪ લ. વિ. જાહેરાત – ફરીથી

(૧) એમ. એ,. બી એડ., જ. ૪/૧૯૭૮ ૫' સરકારી નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક ૦૨૮૮–

(૨) એમએ., એમ.લીબ., બીએડ, વગેરે જ. ૯/૧૯૮૪, ઉં. ૫'.૪" મદદનીશ શિક્ષક ભવન્સ સ્કૂલમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮ – (૩) બી.કોમ.,પીજીડીસીએ., જ. ૪/૧૯૮૪ ઉ. ૫'.૪" બેંકમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૦૨૮૮ (૪) બી.કોમ., જ. ૧૦/૧૯૮૪, ઉં. ૫'.૪" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧– મો.

(૫) એમ.એસ.સી.(આઈટી) જ. ૧/૧૯૯૦, ઉં. ૫'.૫" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૯૨–

(૬) બીસીએ, (એમસીએ ચાલુ) ૫/૧૯૯૧, ઉ. ૫'. ૪" માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૩૬

(૭) બીસીએ, એમસીએ. (IT) ૯/૧૯૮૭, ઉં. ૫'.૮" નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૭૯

(૮) બીએસસી., એમબીએ. જ., ૧/૧૯૮૦ ઉં. ૬'.૨" HDFC બેંકમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૨૮૮ – (૯) બીએસસી, એમએસસી., જ. ૨/૧૯૮૨, ઉ. ૬'.૪" વડોદરા ખાતે સોફટવેર એન્જીનીયર, પ્રોગ્રામ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. ૦૨૮૮ –(૧૦) બી.ઈ. (આઈટી) મુંબઈ યુનિ. જ. ૫/૧૯૮૭ ઉ.ં૫'.૧૨" આર.પી.જી. લાઈફ સાયન્સમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૨૨ – (૧૧) બી.કોમ., જ. ૮/૧૯૮૬, ઉ. ૫'.૯" કારગો કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક મો. (૧૨) એમ.બી.એ.(ફાઈ) જ. ૧૯૮૪, ઉ. ૫'.૭" જી.એચ.સી.એલ. કંપનીમાં ડે.મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:– ૦૨૮૧– મો. (૧૩) બી.ઇ. (ઇસી) જ. ૮/૧૯૮૭, ઉં. ૫'.૫" મેનેજર રીલાયન્સ ઈન્ડ.જામનગર ખાતે નોકરી કરતા ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮– મો. (૧૪) બી.ઇ.(મીકે.) જ.૧૦/૧૯૮૯, ઉં. ૫'.૧૧"ઓટો પાર્ટની પોતાની ફેકટરી ધરાવતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૫૩–

# લગ્ન વિષયક જાહેરાત

(કાર્યાલયે સવારે ૧૧ થી ૧ અને સાંજે ૭થી ૯ દરમ્યાન ફોન કરવાથી નીચેની જાહેરાતોના પાત્રો માટે ફોન નં. મેળવી શકશો. બરછીના ગ્રાહકોના સંતાન માટે વિના મૂલ્યે જાહેરાત પ્રકાશિત કરવામાં આવે છે..જે માટે લેખિતમાં વીગત કે તૈયાર બાયોડેટા મોકલી આપવાનો રહે છે. યોગ્ય ઉંમર,નિર્ણય લઈને જાહેરાત આપશો કારણ જાહેરાત માત્ર એક જ અંકમાં એકવાર છાપવામાં આવે છે. –તંત્રી)

(૧) બી.કોમ. એમ.કોમ.,સી.એ., જ. ૧૦/૧૯૮૬, ઉં. ૫'.૭", દ. ગુજ. વિજ. કોર્પો.(જીઈબી)માં વલસાડ ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક મો. ગાંધીનગર

(૨) બીપીટી(ફિઝીયો.) એમપીટી.(ચાલુ) જ. ૫/૧૯૯૧ કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૭૮–

(૩) બી.કોમ.,(એમ.એચઆરડી ચાલુ) જ. ૫/૧૯૯૨ કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮–૨૫૧૯૨૦૮

(૪) બી.કોમ.,આઈટીઆઈ., જ. ૧૦/૧૯૮૦ નોકરી કરતા ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૫) ધો. ૭ પાસ, ડ્રેસ ડીઝાઈન, ગૃહકાર્યમાં કુશળ જ. ૬/૧૯૮૭, ઉં. ૫'(નિર્દોષ છુટાછેડા–દત્તક પુત્રી) કન્યા માટે યુવક. સંપર્ક : મો. ૯૯૧૩૨૮૮૮૫૩

(૬) એમ.એસ.ડબલ્યુ., જ. ૫/૧૯૮૮, ઉં. ૫'.૧" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૨૫–

(૭) બી.કોમ.,એલએલ.બી., એડવોકેટ જ. ૬/૧૯૮૪ ઉં. ૫'.૩" યુવકને કન્યા. અભ્યાસબાધ નથી.

(૮) એમસીએ.,જ. ૯/૧૯૮૨,૫'.૫"ટીસીએસ.માં નોકરી કરતા હેવીબોડીના યુવકને કન્યા. ૦૨૮૧–મો.

(૯) એમ.એસ.સી.(બાયોટેક), બી.એડ, જ. ૯/૧૯૯૦,ઉં. ૫'.૪" કોકા કોલા કાું. માં નોકરી કરતી માંગલિક કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૭૯–

(૧૦) એમબીએ.(માર્કે.) જ. ૭/૧૯૮૭, ઉં. ૫'.૯" અતુલ મોટર્સ લી.માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૧૧) બી.એ.,ડીસીએ., જ. ૮/૧૯૭૩, ઉં. ૫'.૮" ગુજ.મેરીટાઈમ બોર્ડમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–

(૧૨) બી.કોમ.,એલએલબી., જ. ૮/૧૯૭૧, ઉં. ૫'.૪" પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–

(૧૩) બી.ઇ., એમબીએ., જ. ૧૨/૧૯૮૬, ઉં. ૫'.૯" બજાજ એલાઇન્સ કાું.માં સિનિયર એકઝીકયુટીવ– રીસ્ક એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–

(૧૪) બી.ડી.એસ.(ડન્ટલ સર્જન) જ. ૧/૧૯૯૦, ઉં. ૫'.૨", નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૮૫–

# સમાચાર સંચય

◎ જૂલાઈના અંકમાં ઘણા ફોટા હોવાથી પાના નં. ૫ ઉપરના ફોટામાં ભવ્યા નાણાવટીમાં આસ્થા વસાવડાનો આસ્થામાં ભવ્યાના ફોટાની અદલબદલ થઈ ગયેલ છે. દરગુજર સાથે ફરીથી જોઈ વાંચી લેશો. ફોટા પાછળ નામ અચૂક લખશો. ફોટા પ્રસિધ્ધિ માટે ૫૦ રૂા. મોકલવાના રહે છે. –તંત્રી

◎ રાજકોટ : કુ. સંગતિ જીજ્ઞાશુ વૈશ્નવ ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ એમ.કોમ.(૫ા–૧)માંપ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં. તેણી જયશ્રીબેન મુળવંતરાય વૈશ્નવનાં પ્રપૌત્રી અને એમ.આર. વસાવડા તથા દિવ્યાબેન નાં દોહિત્રી થાય.

◎ પ્રતીત દુર્ગેશ વૈશ્નવ એકસીસ બેંકમાં ડે. મેનેજર તરીકેની બઢતી સાથે ગોંડલ બદલાયા.

◎ શબ્દ સૂર સંગાથના ઉપક્રમે યોજાયેલ સુગમ સંગીત કાર્યક્રમમાં શ્રીમતી રક્ષા પોટા,નીતા વીરલ વસાવડાએ સ્વર આપ્યો.

◎ ચિન્મય ભરતભાઈ વૈશ્નવ આઈસીઆઇસીઆઇ બેંકમાંથી કોટક મહેન્દ્ર બેંકમાં ડેપ્યુટી મેનેજર તરીકે જોડાયા.

◎ અત્રેનાં કુ. નેહલ બાલેન્દુભાઈ મહેતા ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ડાન્સ ટીચર તરીકે જોડાયાં. તેણી હંસી એકેડેમી ડાન્સ કોર્ચીંગ કલાસમાં સ્વૈચ્છિક રીતે સંકળાયને તાલિમ આપી રહયાં છે. એક ડાન્સ કોમ્પીટીશનના ઓડીશન માટે આવેલ ઝી ટીવીના ડાન્સ વિજેતા સ્વરાલી કુરૂલેકરે નેહલની કલાની સરાહના કરી હતી.

◎ સમસ્ત નાગર/બ્રાહ્મણના યુવક યુવતીઓ માટે પ્રગટ થનાર પરિચય પુસ્તિકામાં વિના મૂલ્યે નામ રજીસ્ટર કરાવવા ૦૨૮૧–૨૪૭૧૯૮૫/ ૯૯૯૮૮૦૦૪૦૫ ઉપર સીધો સંપર્ક કરવો.

◎ શ્રી કુષ્માંડભાઈ (૭૯) અને શ્રીમતી સુનીતાબેન (૭૮) એક માસના યુરોપના પ્રવાસે જઈ આવ્યા. તેઓએ લંડન, નેધરલેન્ડ, બેલ્જિયમ, ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, ઈટાલી વગેરે દેશોના શહેરોના અનેક જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. આ વયે સ્વીસમાં ગ્લેસિયર ૩૦૦૦ ઉપર જવાનો રોમાંચક અનુભવ, આનંદ પણ મેળવ્યો.

◎ ગુજરાત સંગીત નાટય અકાદમી દ્વારા તા. ૨૦ થી ૨૪ ઓગષ્ટ દરમ્યાન ' લાઈફ' બિલ્ડીંગ ખાતે શ્રી નીગમ ઉપાધ્યાયની નિગેહબાની હેઠળ સુગમ સંગીત શિબિરનું આયોજન થઈ ગયું. જેના ભાગરૂપે તા. ૨૦–૮ ના રોજ સવાણી હોલ ખાતે યોજાયેલ સુગમ સંગીતની બેઠકમાંશ્રીમતી નયનાબેન યોગેશભાઈ અંજારીયા, રક્ષાબેન અશોકભાઈ પોટા તથા નીતાબેન વિરલભાઈ વસાવડાએ ભાગ લીધો.

◎ વાપી : વાપીની જ્ઞાનધામ સ્કુલમાં અભ્યાસ કરતા ૧૨ વર્ષીય મનન અંજારીયા (શ્રીમતી રૂપા હસિત અંજારીયાના પુત્ર અને અમદાવાદ સ્થિત શ્રી મહેશકાંત વસાવડાના દોહિત્ર) સ્કુલના ટેસ્ટમાં પસંદગી પામી, વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી ધરાવતા સ્ટાર વિદ્યાર્થીમાં સ્થાન પામી અમેરીકા 'નાસા' ખાતે ચાર દિવસના કેમ્પમાં જઈ આવ્યા. પંદર દિવસના પ્રવાસમાં ડીઝનીલેન્ડ, વોશીંગ્ટન તથા ન્યુયોર્ક જોવા ફરવાનો લાભ પણ મેળવ્યો.

◎ જૂનાગઢ : અ.ભા.ના. પરિષદ દ્વારા આયોજિત શિવ આરાધના શ્લોક સ્પર્ધામાં રમ્ય ભવદીપ ઓઝાએ બીજું ઈનામ મેળવ્યું.

◎ ભાવનગર : અત્રેની ૧૨૨ વર્ષ જૂની બાર્ટન લાયબ્રેરીમાં સ્વ. ઈન્દુભાઈ બુચે ૪૩ વર્ષ નિસ્વાર્થ નિષ્ઠાપૂર્વક આપેલી સેવા આપી ભાવનગરને સાહિત્ય અને સંસ્કારનગરી બનાવવામાં આપેલા યોગદાન બદલ સંયોજકો અને પરિવાર દ્વારા તા. ૩/૮ના રોજ ૐ પ્લાઝા ખાતે આમંત્રિતોની હાજરીમાં તેઓની સ્મૃતિમાં પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

◎ રકત જૂથના શોધક વૈજ્ઞાનિક ડો. કાર્લ એન્ડરસનના જન્મ દિવસ તા. ૧૪ જુનને વિશ્વ રકતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, આ નિમિતે અત્રેની બ્લડ બેંક દ્વારા શતકવીર રકત દાતા શ્રી જયેશ અંતાણી એ ૧૧૬મી વાર અને તેમના યુવાપુત્ર પ્રતીકે ૧૨ મી વખત એક સાથે રકતદાન કર્યું હતું. બ્રહ્મકુમારીઝના બહેનો–ભાઈઓ દ્વારા બંન્નેનું સન્માન કરવામાં આવ્યું જેને ન્યુઝ ચેનલો એ પણ કવરેજ આપ્યું હતું.

◎ અમદાવાદ : અત્રેની વાય.એમ.સી.એ. કલબ ખાતે તા. ૬ જૂલાઈના રોજ યોજાયેલ 'કોર્પોરેટસ બેડમિંગ્ટન ટુર્નામેન્ટમાં જુદી જુદી કંપનીઓના જુનીયર્સ સિનિયર્સ ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. જેમાં બી.ટેક.(મીકે.)ના વિદ્યાર્થી હરિત હર્ષદભાઈ વસાવડાએ ભાગ લઈ 'મેન સીંગલ્સ'માંવિજેતા બની 'ઈન્ડોર ટાઈટન–૨૦૧૪'ની ટ્રોફી તથા અન્ય ઈનામો મેળવ્યાં.

◎ શ્રીમતી કવિતા હર્ષ અંજારીયા આઈ.સી.ટી. એન્જીનીયરીંગ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયાં.

◎ અત્રે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ફરજ બજાવતા જય છાયા (જુનાગઢ નિવાસી શ્રી રાજેશ મહેન્દ્રભાઈ છાયાના પુત્ર) 'ફાસ્ટ ચેનલ' દ્વારા માત્ર ૨૪ વર્ષની વયે ઓફીસર તરીકે નિયુકત થયા.

◎ મુંબઈ : જન્મભૂમિ જૂથ દ્વારા આયોજિત જ્ઞાન વિહાર સ્પર્ધાનાં સેંકડો ઈનામોમાંથી કલ્પનાબેન સ્વાદિયાએ ગોવા પેકેજનું ત્રીજું ઈનામ મેળવ્યું.

◎ ટોરેન્ટો: અત્રેના શ્રી સુધાંશુ દિગંબર સ્વાદિયા અમેરીકા–ડિઝનીલેન્ડના બે સપ્તાહના પ્રવાસે જઈ આવ્યા.

## પુરુષો પરના અત્યાચારી કાયદા સુધારવા બંડ પોકારવાની જરૂર નથી જણાતી ?...

સ્ત્રીઓ સમાજમાં બહાર પડીને સ્વતંત્ર બની એ સારૂં છે પણ લગ્નસંસ્થાને ગ્રહણ લાગી ગયું છે. અમુક કન્યાઓની મહત્વાકાંક્ષા આસમાનને આંબી રહી છે. આજે મોટા ભાગની કન્યાઓ લગ્ન કરીને સંયુકત કુટુંબમાં રહેવા નથી ઈચ્છતી. સહનશીલતા ઘટવાને કારણે છૂટાછેડાના કિસ્સા વધ્યા છે, પણ હમણાં થોડાં વર્ષમાં નવું તૂત ઉભું થયું છે જેમાં છૂટાછેડાના કેસમાં પત્ની સાસરામાં થયેલા અત્યાચારના નામે પતિ પર ખોટા કેસ ઠોકી દેવામાં આવે છે એટલું જ નહીં એમાં તે પતિના પરિવારને પણ ઘસડે છે. પુરુષો પર માનસિક અત્યાચાર અને જુલમ થાય છે પરંતુ આ દરેક કેસ સાચા નથી હોતા, પણ સ્ત્રીની ફેવરમાં ઘડાયેલા કાયદાઓને લીધે પતિ નામે પુરૂષ બિચારો બની જાય છે. આવા ખોટા કાયદા સામે સખત કાયદો ઘડાવો જોઈએ જેમાં છૂટાછેડા દ્વારા મળેલી 'એલિમની'ની રકમને આવક અથવા લોટરી તરીકે ગણાવી ૩૩% ટેકસ કપાવો જોઈએ. વળી એને 'રિવર્સ ડાઉરી' ગણીને ભુતપૂર્વ પત્ની તેમજ તેના પરિવાર સામે સખત કાર્યવાહી થવી જોઈએ. પહેલાં દીકરી પરણાવતી વખતે છોકરાનું ઘર પરિવાર, ખાનદાન વગેરે ઝીણવટથી તપાસવામાં આવતાં જેથી દીકરી દુ:ખી ન થાય. પુરુષ પણ એક સંવેદનશીલ વ્યકિત છે. એટલે દીકરો પરણાવતી વખતે એટલી જ તકેદારી રાખવી પડશે જેથી પત્નીના હાથનું રમકડું બની ગયેલા પુરુષ–પતિ નિ:સહાય ન બની જાય.

– શ્રીમતી પ્રીતિ ભદ્રાયુ વૈશ્નવ, મુંબઈ.

# પોસ્ટ ખાતા/ઓફીસના સંબંધિત અધિકારીઓ અને પોસ્ટમેનને જાહેર પત્ર

રાજકોટથી અમે દર મહીને આ જ્ઞાતિપત્ર (કલમ કડછીબરછી)ના ગ્રાહકોને સરનામાની વર્ષમાં ૧૨ અંકની દર મહીને કોમ્પ્યુટરાઇઝ પ્રિન્ટ કાઢી, તે એડ્રેસ સ્ટીકર અને રૂા. ૪ની ટીકીટ ચોડી RMSમાંથી પોસ્ટ કરીએ છીએ છતાં દર મહિને નાના ગામથી મોટાં શહેરમાં અંક ન મળવાની ફરીયાદો વધતી જ રહે છે, કયાંક બીજે મહીને મળે છે. આ કારણે વર્ષોથી જાળવેલ અમારી વિશ્ર્વસનીયતાને લાંચ્છન લાગી રહયું છે. ગ્રાહકો ટપાલીને પૂછે તો જવાબ મળે કે આવું 'છાપું' આવ્યુંજ નથી. (ટપાલી મિત્રો, આ 'છાપાં'નથી,દરેક જ્ઞાતિના 'સમાચાર પત્ર' હોય છે જે તે જ્ઞાતિના લોકો માટે કિંમતી અને આદત બની ગયાં હોય છે. બીજી ટપાલોની ડીલીવરી સાથે 'કલમ કડછી બરછી' જેવાં મેગેઝીન પણ પહોંચાડો. નિયમિત મોકલવા છતાં તમારા કે ખાતાને કારણે 'કલમ કડછી બરછી' ન મળે અને ગ્રાહકો અમને ફરિયાદ કરતાં કહે કે 'અમને બીજી ટપાલો તો મળે છે' જે સાંભળવું પડે તે કારમા ઘા જેવું લાગે છે.

થોડા વર્ષમાં ટપાલખાતું બેદરકાર, નિંભર બની રહયું છે તે હકીકત છે. જૂલાઈમાં તો બેદરકારીની હદ વટાવાઈ છે...અમે RMSમાંથી તા. ૩ના રોજ પોસ્ટ કરેલ જૂલાઈ– ૧૪ નો બરછીનો અંક અમદાવાદના કોઈપણ વિસ્તારમાં એકપણ ગ્રાહકને મળ્યા નથી, જેથી અમારે ગ્રાહકોની સતત ફરીયાદ સાંભળવી પડે છે...કયાં અટકેલ છે તે પણ ટપાલતંત્ર કહી નથી શકતું... તેમ જે ગ્રાહકને અંક ન મળે તેનો અંક નીચે સરનામાના બોકસમાં આપેલ કાર્યાલયને સરનામે પરત તો મળવા જોઈએને ? જે કયારેય નથી આવતા. અમારા મુખપત્ર માટે જ નહી અગત્યની ટપાલો, મેગેઝીન મોડા મળવાની ન મળવાની દરેકની સામાન્ય ફરીયાદ છે. ગામેગામની આવી અનિયમિતતાને કારણે કકબરછીના ગ્રાહકોની સંખ્યા ઉપર પણ અસર થતાં પ્રકાશન કપરૂં બને તેમ છે. તેથી હવે ધીરજ ખૂટતાં અંતે આ રીતે ફરીયાદ રૂપે જાહેરમાં રજૂઆત કરી રહયા છીએ.આશા છે કે અમારા દરેક જાગૃત ગ્રાહકો વતી અમારી આ જાહેર ફરીયાદની ગંભીરતાથી નોંધ લઈ ૧૫ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરી જવાબ પાઠવી, અમારી નિષ્ઠા પ્રતિષ્ઠા અને પ્રકાશનને ટકાવી રાખવામાં સહકાર આપશો.

– વિરેન ધોળકિયા–તંત્રી

## બરછીના વન પ્રવેશે વિચારોનો અમલ...

બરછીના ગત વર્ષમાં ટયુશન આપતા બંધુઓનાં નામ ફોન નં.ની વિના મૂલ્યે માહિતી આપવાની શરૂઆત કરી. જેને સારો આવકાર મળી રહયો છે. આ વર્ષમાં બે નવા વિચાર સ્ફૂર્યા..(૧) આજની 'ફાસ્ટ લાઈફ'માં તંદુરસ્તી સાથે/માટે મનને પણ દુરસ્ત રાખવાની પણ તેટલી જ જરૂરીયાત છે જે માટે સંગીત (ગાયન–વાદ્ય), યોગાસન, વગેરે ઘણા ઉપયોગી માધ્યમો છે, જે માટેના કલાસ ચલાવતા/ઘેર શીખવતા બંધુઓના નામ, સરનામા, ફોન નં.ની માહિતી વિનામૂલ્ય પ્રકાશિત કરવાનું નકકી કર્યું છે. આવા કોઈપણ ક્ષેત્રમાં સંકળાયેલા જ્ઞાતિજનોને આ માહિતી કાર્યાલયે ટપાલ કે આંગડીયા મારફત પહોંચાડવા વિનંતી છે.

(૨) કેટલાક સાહિત્ય રસિકો, વડીલો બરછીના લેખકો, કવિઓને કાર્યાલયેથી ફોન નં. મેળવી ધન્યવાદ પાઠવે છે આ સ્તુત્ય ઉદેશ ધ્યાનમાં રાખી આ અંકમાં પ્રકાશિત કરેલ યુવા કવિથી હવે પછી દરેકના ફોન નં. પ્રસિધ્ધ કરવાનું નકકી કરતાં પોતાની રચના સાથે લખી મોકલવા વિ. –તંત્રી

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩**